# નિયામક વિકસતી જાતિ કલ્યાણ ગુજરાત રાજ્ય ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે વિકસતી જાતિ કલ્યાણ દ્વારા અમલીત નીચે મુજબની યોજનાઓનો અમલ Online કરવા બાબત

વર્ષ: ૨૦૨૪-૨૫ અંતર્ગત નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા નીચે મુજબની ત્રણ કોચિંગ સહાય યોજનાનો અમલ ઇ-સમાજ કલ્યાણ પોર્ટલ (https://esamajkalyan.gujarat.gov.in) મારફત કરવાનો થાય છે. વર્ષ: ૨૦૨૪-૨૫ અંતર્ગત વિદ્યાર્થીઓ/તાલીમાર્થીઓને નિયમોનુસાર કોચિંગ સહાય યોજનાનો લાભ આપવા ઇ-સમાજકલ્યાણ પોર્ટલ મારફતે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

1. સ્પર્ધાત્મક પરીક્ષા(વર્ગ-૧, ૨ અને ૩)ની પૂર્વતૈયારી માટે તાલીમ લેનાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તાલીમાર્થીઓને ખાસ પ્રોત્સાહન સહાય (સહાયની રકમ રૂ.૨૦,૦૦૦/- અથવા ખરેખર ચુકવવાની થતી ફી એ બે પૈકી જે ઓછું હોય તે)
2. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને તથા આર્થિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થીનીઓને **NEET, JEE, GUJCET** જેવી પરીક્ષાની પૂર્વતૈયારી માટે કોચિંગ સહાય યોજના (સહાયની રકમ રૂ.૨૦,૦૦૦/- અથવા ખરેખર ચુકવવાની થતી ફી એ બે પૈકી જે ઓછું હોય તે)
3. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને તથા આર્થિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થીનીઓને **IIM, CEPT, NIFT, NLU** જેવી **ALL INDIA** લેવલની સ્પર્ધાત્મક પરીક્ષા તેમજ વિદેશ જવા માટે આપવી પડતી **IELTS, TOFEL, GRE** જેવી પરીક્ષાની પૂર્વતૈયારી માટે કોચિંગ સહાય યોજના (સહાયની રકમ રૂ.૨૦,૦૦૦/- અથવા ખરેખર ચુકવવાની થતી ફી એ બે પૈકી જે ઓછું હોય તે)

- શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે ઉકત યોજનાઓ અંતર્ગત સહાય મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ/તાલીમાર્થીઓએ (https://esamajkalyan.gujarat.gov.in) પોર્ટલ પર તા.૧૧/૧૧/૨૦૨૪ થી તા.૧૧/૧૨/૨૦૨૪ સુધી આનુષાંગિક પ્રમાણપત્રો સહ ઓનલાઈન અરજી કરવા જણાવવામાં આવે છે.
- પોર્ટલ પર અરજી કર્યા બાદ તેની નકલ સાથે ઓનલાઈન અપલોડ કરેલ તમામ ડોક્યુમેન્ટ્સની નકલ બિડાણ કરી વિદ્યાર્થી/તાલામાર્થી જે સંસ્થામાં તાલીમ મેળવતા હોય તે જિલ્લામાં આવેલ જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા)ની કચેરીએ તા.૩૦/૧૨/૨૦૨૪ સુધીમાં જમા કરાવવાની રહેશે.
- ઓનલાઇન અરજી કર્યાના તારીખથી તા.૨૮/૦૨/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન વિદ્યાર્થી/તાલામાર્થીનુ કોચિંગ ચાલુ હોવું જોઈએ. ઉક્ત પોર્ટલ પર નિયત સમયમર્યાદામાં આવેલ અરજીઓની મંજુરીની પ્રક્રિયામાં બજેટ જોગવાઈ અને લક્ષ્યાંકને ધ્યાને લઇ બનાવવામાં આવનાર મેરીટમાં સમાવિષ્ટ વિદ્યાર્થીઓ/તાલીમાર્થીઓને નિયમોનુસાર અગ્રતાક્રમમાં સહાય ચુકવવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી.
- વિદ્યાર્થી/તાલીમાર્થીને પસંદ કરવાની સંસ્થાના ધારાધોરણો અંગેની સંપૂર્ણ માહિતી વેબસાઈટ (https://sje.gujarat.gov.in/ddcw/Government-Resolutions) પર ઉપલબ્ધ છે.

ખાસ નોંધ : જિલ્લા કક્ષાએ તા.૩૦/૧૨/૨૦૨૪ સુધીમાં હાર્ડકોપી જમા ના કરાવેલ વિદ્યાર્થી/તાલીમાર્થીની અરજી ધ્યાને લેવામા આવશે નહિ તેમજ તા.૩૦/૧૨/૨૦૨૪ પછી જિલ્લા કક્ષાએ મળેલ હાર્ડકોપીવાળી અરજીઓને પણ ધ્યાને લેવામા આવશે નહિ.

(સહી/-)
(વિક્રમસિંહ જાદવ)
નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજય, ગાંધીનગર